# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 10-05-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **સંસ્કૃતિ ભૂંડીયા** વાંચે છે.

**************************************************

1) ભારત અને પાકિસ્તાન તાત્કાલિક અસરથી ગોળીબાર અને લશ્કરી કાર્યવાહી બંધ કરવા સંમત થયા.
2) ભારતીય સેનાના કર્નલ સોફિયા કુરેશીએ કહ્યું કે ભારતીય સશસ્ત્ર દળોએ પાકિસ્તાનની આક્રમક અને રક્ષણાત્મક ક્ષમતાઓને તોડી પાડી છે.
3) ભારતે નિર્ણય કર્યો છે કે ભવિષ્યમાં થનારા કોઈપણ આતંકવાદી કૃત્યને દેશ સામે યુદ્ધ તરીકે ગણવામાં આવશે.
4) ભારતે ઓપરેશન સિંદૂર શરૂ કર્યા પછી પાકિસ્તાનમાં જૈશ-એ-મોહમ્મદ અને લશ્કર-એ-તૈયબાના પાંચ કુખ્યાત આતંકવાદીઓ માર્યા ગયા છે.
5) એર ટ્રાફિક કંટ્રોલ તરફથી ફરીથી મંજૂરી મળતાં કેદારનાથ માટે હેલિકોપ્ટર સેવા શરૂ કરવામાં આવી.
6) હવામાન વિભાગે આજે દેશના ઉત્તર-પશ્ચિમ, મધ્ય અને પૂર્વીય ભાગોમાં વરસાદની આગાહી કરી.

.............................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# NEW INDIA-PAK CEASEFIRE

ભારત અને પાકિસ્તાન તાત્કાલિક અસરથી ગોળીબાર અને લશ્કરી કાર્યવાહી બંધ કરવા સંમત થયા છે. વિદેશ સચિવ વિક્રમ મિસરીએ નવી દિલ્હીમાં આ જાહેરાત કરી. તેમણે કહ્યું કે પાકિસ્તાનના ડાયરેક્ટર જનરલ ઓફ મિલિટરી ઓપરેશન્સે આજે બપોરે યુદ્ધવિરામની હાકલ કરી હતી, ત્યારબાદ ચર્ચા થઈ અને સર્વસંમતિ સધાઈ.

(બાઇટ- વિક્રમ મિસરી)

તેમણે કહ્યું કે વાટાઘાટો દરમિયાન, બંને પક્ષો જમીન, હવા અને સમુદ્ર પર તમામ પ્રકારની ગોળીબાર અને લશ્કરી કાર્યવાહી બંધ કરવા સંમત થયા હતા. બંને પક્ષોને આ સંમતિનો અમલ કરવા સૂચના આપવામાં આવી છે. શ્રી મિસરીએ કહ્યું કે ડાયરેક્ટર જનરલ ઓફ મિલિટરી ઓપરેશન્સ 12 મેના રોજ ફરીથી વાતચીત કરશે.

# Press confarance sofiya

ભારત વિરુદ્ધ ઉશ્કેરણીજનક કાર્યવાહી બાદ પાકિસ્તાનને ભારે નુકસાન થયું છે કારણ કે નવી દિલ્હીએ તેના ઓપરેશન સિંદૂર દ્વારા ઇસ્લામાબાદની આક્રમક અને રક્ષણાત્મક ક્ષમતાઓને તોડી પાડી છે. નવી દિલ્હીમાં યુદ્ધવિરામ બાદ પત્રકાર પરિષદને માહિતી આપતા, ભારતીય સેનાના કર્નલ સોફિયા કુરેશીએ જણાવ્યું હતું કે ભારતીય સશસ્ત્ર દળોએ પાકિસ્તાનની આક્રમક અને રક્ષણાત્મક ક્ષમતાઓને તોડી પાડી છે.

**(બાઇટ સોફિયા – નુકસાન)**

તેમણે કહ્યું કે ભારતના ઓપરેશનનો હેતુ ફક્ત આતંકવાદી કેમ્પ અને ભારત વિરોધી પ્રવૃત્તિઓ માટે ઉપયોગમાં લેવાતા સુવિધાઓ પર છે. કર્નલ કુરેશીએ ઉમેર્યું હતું કે ભારતીય સશસ્ત્ર દળો દ્વારા કોઈપણ ધાર્મિક સ્થળોને નિશાન બનાવવામાં આવ્યા નથી.

**(બાઇટ – સોફિયા –મસ્જિદ)**

તેમણે કહ્યું કે પાકિસ્તાને દાવો કર્યો હતો કે તેણે તેના JF 17 વડે અમારા S400 અને બ્રહ્મોસ મિસાઇલ બેઝને નુકસાન પહોંચાડ્યું છે, જે સંપૂર્ણપણે ખોટું છે. તેમણે ઉમેર્યું હતું કે તે પણ ખોટી માહિતી છે કે સિરસા, જમ્મુ, પઠાણકોટ, ભટિંડા, નલિયા અને ભૂજમાં ભારતના એરફિલ્ડને નુકસાન થયું છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારત એક ધર્મનિરપેક્ષ રાષ્ટ્ર છે અને તેની સેના બંધારણીય મૂલ્યોનું ખૂબ જ સુંદર પ્રતિબિંબ છે. શ્રી સોફિયાએ વધુમાં જણાવ્યું હતું કે ભારતીય સૈન્ય સતર્ક છે.

**(બાઇટ – સોફિયા –તૈયારી)**

# prime minister defense meeting

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અને ત્રણેય સેનાના વડાઓ સાથે બેઠક યોજી હતી. આ બેઠકમાં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ પણ હાજર હતા. પાકિસ્તાન સામે ભારતની બદલો લેવાની કાર્યવાહી વચ્ચે નવી દિલ્હી સ્થિત પ્રધાનમંત્રી નિવાસસ્થાને આ બેઠક યોજાઈ હતી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

# JAISHANKAR - PAKISTAN

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે કહ્યું છે કે ભારત અને પાકિસ્તાન આજે ગોળીબાર અને લશ્કરી કાર્યવાહી બંધ કરવા સંમત થયા છે. સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં ડૉ. જયશંકરે કહ્યું કે ભારતે આતંકવાદના તમામ સ્વરૂપો અને અભિવ્યક્તિઓ સામે સતત મક્કમ અને અડગ વલણ અપનાવ્યું છે.

# Government- Act of War

ભારતે નિર્ણય લીધો છે કે ભવિષ્યમાં થનારા કોઈપણ આતંકવાદી કૃત્યને દેશ સામે યુદ્ધ તરીકે ગણવામાં આવશે અને તે મુજબ જ જવાબ આપવામાં આવશે. ટોચના સરકારી સૂત્રોએ આ વાતની પુષ્ટિ કરી છે. તાજેતરમાં પાકિસ્તાને તણાવ વધારવાની કાર્યવાહીને ધ્યાનમાં રાખીને આ પગલું લેવામાં આવ્યું છે.

# Foreign Minister-US Talks

આ અગાઉ, વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે આજે સવારે અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયો સાથે વાત કરી. સોશિયલ મીડિયા સંદેશમાં ડૉ. જયશંકરે કહ્યું કે ભારતનો અભિગમ હંમેશા સંતુલિત અને જવાબદાર રહ્યો છે અને ભવિષ્યમાં પણ રહેશે.

અમેરિકાના વિદેશ વિભાગ દ્વારા જાહેર કરાયેલા એક નિવેદનમાં, પ્રવક્તા ટૈમી બ્રુસે જણાવ્યું હતું કે વિદેશ મંત્રી રુબિયોએ તણાવ ઘટાડવા અને બંને પક્ષો સાથે સીધી વાતચીત સ્થાપિત કરવા પર ભાર મૂક્યો છે.

# Karnataka-SHG

કર્ણાટકના રાજ્યપાલ થાવર ચંદ ગેહલોતે મહિલાઓના સશક્તિકરણમાં સ્વ-સહાય જૂથો (SHGs) ની મહત્વપૂર્ણ ભૂમિકા પર ભાર મૂક્યો છે. આજે મેંગલુરુમાં નવોદય સ્વ-સહાય જૂથો (SHGs) ના રજત જયંતિ સમારોહમાં બોલતા, તેમણે સ્વ-સહાય જૂથોની અને મહિલાઓની વધતી ભાગીદારીની પ્રશંસા કરી. શ્રી ગેહલોતે SHG સભ્યોને નાણાકીય સ્વતંત્રતાને પ્રોત્સાહન આપવાના હેતુથી સરકારી યોજનાઓનો લાભ લેવા વિનંતી કરી.

# Operation Sindoor- Terrorist Killing

ભારતે 7 મેના રોજ ઓપરેશન સિંદૂર શરૂ કર્યા પછી પાકિસ્તાનમાં જૈશ-એ-મોહમ્મદ અને લશ્કર-એ-તૈયબાના પાંચ કુખ્યાત આતંકવાદીઓ માર્યા ગયા છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, આ આતંકવાદીઓમાં મુદસ્સર ખાદીયાન ખાસ ઉર્ફે અબુ જુંદાલ, મૌલાના મસૂદ અઝહરના નજીકના સંબંધી હાફિઝ મુહમ્મદ જમીલ, મોહમ્મદ યુસુફ અઝહર, ખાલિદ ઉર્ફે અબુ અકશા અને મોહમ્મદ હસન ખાનનો સમાવેશ થાય છે.

# Uttarakhand-Chardham Yatra

એર ટ્રાફિક કંટ્રોલ-ATC તરફથી ફરીથી મંજૂરી મળ્યા બાદ ઉત્તરાખંડના કેદારનાથ ધામ માટે હેલિકોપ્ટર સેવા શરૂ કરવામાં આવી છે. મંજૂરીના અભાવે કેદારનાથ હેલિકોપ્ટર સેવા થોડા કલાકો માટે બંધ કરવામાં આવી હતી. જે હવે પુનઃ શરૂ થઈ છે.

ઉત્તરાખંડમાં ચારધામ યાત્રા અંતર્ગત અત્યાર સુધીમાં ચાર લાખથી વધુ શ્રદ્ધાળુઓ પવિત્ર તીર્થસ્થળોની મુલાકાત લઈ ચૂક્યા છે. સોશિયલ મીડિયા સંદેશમાં મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ જણાવ્યું હતું કે કેદારનાથ ધામ માટે હેલિકોપ્ટર સેવાઓ પણ સંપૂર્ણપણે કાર્યરત છે. તેમણે યાત્રાળુઓને કોઈપણ પ્રકારની અફવા પર ધ્યાન ન આપવા વિનંતી કરી. રાજ્ય સરકાર શ્રદ્ધાળુઓની સલામત અને સુવિધાજનક યાત્રા સુનિશ્ચિત કરવા માટે સતત કામ કરી રહી છે.

# DELHI AIRPORT - FLIGHTS

આજે દિલ્હી વિમાનીમથક પર કુલ 60 ફ્લાઇટ્સ રદ કરવામાં આવી હતી. જેમાં દિલ્હી આવતી 30 સ્થાનિક અને 30 દિલ્હીથી જતી સ્થાનિક ફ્લાઇટ્સનો સમાવેશ થાય છે. મુસાફરોને ફ્લાઇટની માહિતી અને વૈકલ્પિક મુસાફરી વ્યવસ્થા માટે તેમની એરલાઇન્સ સાથે તપાસ કરવાની સલાહ આપવામાં આવી છે.

# AAI- 32 AIRPORT CLOSED

એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ દેશના ઉત્તર અને પશ્ચિમ પ્રદેશોના 32 વિમાનીમથકો પરથી 15 મે સુધી ફ્લાઇટ્સ હંગામી ધોરણે સ્થગિત કરવાની જાહેરાત કરી છે. આ વિમાનીમથકોમાં અમૃતસર, ચંદીગઢ, જમ્મુ, શ્રીનગર, ભૂજ, જામનગર, જેસલમેર, પઠાણકોટ અને અન્ય વિમાનીમથકોનો સમાવેશ થાય છે.

દરમિયાન, દિલ્હીના ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય વિમાનીમથક પર ફ્લાઇટ્સ સામાન્ય રીતે કાર્યરત છે.

# imd

હવામાન વિભાગે આજે દેશના ઉત્તર-પશ્ચિમ, મધ્ય અને પૂર્વીય ભાગોમાં ભારે પવન અને વીજળીનાં ચમકારા સાથે વરસાદની આગાહી કરી છે. આવતીકાલ સુધી અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, મણિપુર, ઉપ-હિમાલયી ક્ષેત્ર, પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં ભારે વરસાદ પડી શકે છે. વિભાગે કહ્યું છે કે બિહાર, ઝારખંડ, કેરળ, ત્રિપુરા અને ઓડિશામાં ગરમ અને ભેજવાળી હવામાનની સ્થિતિ રહેશે.

# D P Pandey

આકાશવાણી સમાચાર સાથેની ખાસ મુલાકાતમાં, લેફ્ટનન્ટ જનરલ ડી.પી. પાંડેએ નાગરિકોને સરકારી પ્રેસ બ્રીફિંગ જેવા વિશ્વસનીય સ્ત્રોતો પર જ વિશ્વાસ કરવા વિનંતી કરી છે.

શ્રી પાંડે એક અનુભવી સંરક્ષણ નિષ્ણાત છે. તેમણે 42 વર્ષ સુધી ભારતીય સૈન્યમાં સેવા આપી છે, જેમાં કાશ્મીરમાં સાત દાયકાઓથી વધુ સમય સુધી કાર્ય કર્યું છે.

# Afghanistan no-missile response

અફઘાનિસ્તાને પાકિસ્તાનના આરોપોને સ્પષ્ટપણે નકારી કાઢ્યા છે કે ભારતે અફઘાનિસ્તાન સાથેની તેની સરહદ પર મિસાઇલ હુમલા કર્યા છે. અફઘાન સંરક્ષણ મંત્રાલયના પ્રવક્તા ઇનાયતુલ્લાહ ખ્વારિઝ્મીએ અફઘાન ન્યૂઝ નેટવર્ક સાથે વાત કરતા કહ્યું કે આવા દાવાઓમાં કોઈ સત્ય નથી.

ભારતના વિદેશ સચિવ વિક્રમ મિસરીએ આજે સવારે પત્રકાર પરિષદમાં પાકિસ્તાન પર આરોપ લગાવ્યો કે ભારતીય મિસાઇલોએ અફઘાનિસ્તાન પર હુમલો કર્યો છે. અફઘાનિસ્તાનના લોકો હવે તેમના મિત્રો અને દુશ્મનોને સારી રીતે ઓળખે છે અને તેઓ જાણે છે કે કયા દેશે વારંવાર અફઘાનિસ્તાનની સરહદનું ઉલ્લંઘન કર્યું છે. અગાઉ, પાકિસ્તાની લશ્કરી અધિકારીઓએ દાવો કર્યો હતો કે ભારત દ્વારા પાકિસ્તાન પર કરવામાં આવેલા મિસાઇલ હુમલામાં અફઘાન પ્રદેશને પણ નિશાન બનાવવામાં આવ્યો હતો.